સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૧

જેમ અંધારા કરી વરસાદ ડોળ કરે છે,
એમ જાહેરાતોથી વિકાસનો ડોળ કરે છે
ડોળ છે આંકડાનો શિક્ષણ-બાળપોષણમાં,
ફોડેલ મિડિયાથી 'મોડેલ'નો ડોળ કરે છે..

મોંઘીકારથી -
કચેડે જિંદગીઓ,
શ્રી છાકટાઓ..

શિવસેના એ
લીધું સંસદ માથે
'ખાયકી' કાજે..

ચિંતન

આરંભન્તે અલ્પ મેવાજ્ઞાઃ કામં વ્યગ્રા ભવન્તિ ચ । મહારમ્ભાઃ કૃત ધિયસ્તિષ્ઠન્તિ ચ નિરાકુલાઃ ॥

'જ્ઞાન-આવડત-કૌશલ્ય વિનાના માણસો જે કાર્યકુશળ ન હોય એવા નાનાં કામનો આરંભ કરે ઉપાડે એમાંય આકુળ-વ્યાકુળ અને હાંફતા-ફાંફળા થઇ જાય છે, જયારે ધીર-વિદ્વાન અને કાર્યકુશળ વ્યક્તિ મોટાં (પ્રોજેક્ટ) કાર્યો હાથમાં લે છે નિરાંતથી જરા પણ ઉચાટ-વ્યગ્રતા રાખ્યા વિના કામ કરે છે અને સફળ રીતે પૂર્ણ પણ કરે છે.'

કેટલાક લોકોનો સ્વભાવ જ નાની જવાબદારી કામની ચિંતા કોઇ સામાજિક પ્રસંગ કે નાની એવી બિમારી આવે તો પણ પરાકાષ્ટાના અનિષ્ટનો જ વિચાર કરી જાતે તો આકુળ-વ્યાકુળ થાય જ પણ આસપાસના સગાં-સ્નેહી-કુટુંબીજનોને પણ પોતાની ખોટી ચિંતામાં ભાગીદાર બનાવે છે. આવા માણસને નાનું કામ જાણે સસલી પર આભ ફાટ્યું!

જયારે શાંત અને ધીરજવાન માણસોને ગમે એવી મોટી જવાબદારી કે કામ સોંપવામાં આવે છતાં એમના પેટનું પાણી હલતું નથી અને એમને એટલો બધો આત્મવિશ્વાસ હોય છે કે કોઇ પણ કામ એમને ડાબા હાથનો ખેલ જ લાગે છે.

સુવિચાર

- 'પોતાના જેવા દુઃખો સહન કરવાની તાકાત દુનિયાના કોઇ પણ માણસમાં ભાગ્યે જ હશે' એવું માનીને ચાલતા લોકો, દુઃખ બાદ સુખની ક્ષણોને માણતા તેઓ એક પ્રકારની 'ગર્વ'ની લાગણી અનુભવતા હોય છે. આ દુઃખો ને બહેલાવી બહેલાવીને લોકોને વર્ણવામાં મજા આવતી હોય છે **- એસ. ભટ્ટાચાર્ય**
- ખંત વગર કામનો 'અંત' લાવી શકાય, પણ એ 'પૂર્ણાહૂતિ' ન બની શકે, શ્રમ, ધૈર્ય ને ખંતની પાલખીમાં બેસીને જ સફળતા આપણી અતિથિ બનતી હોય છે **- ચિત્રલેખા**
- 'રાગરહિત' બનવામાં જ સાર છે, 'જે પુરૂષ બધે રાગરહિત છે અને શુભ પામી નથી હરખાતો કે શોક નથી કરતો તેની બુદ્ધિ સ્થિર છે' **- ધ્યાનસૂત્ર**
- પરિશુદ્ધ આનંદમાં અમીઘોઘમાં સ્નાન કરવાનું મહત્ત્વ આપણે જાણતાં નથી, એટલે ચિંતાના ભઠ્ઠામાં બેસીને રોદણાં રડ્યા કરીએ છીએ. આમ આપણે ઘારી લીધેલી આફતો જ આપણી આનંદ યાત્રાને અધવચ્ચે ખતમ કરી નાખે છે **- રજનીશ**
- ચૂંટણી પ્રજાનું 'વિચાર પર્વ-વિવેક પર્વ' બનવી જોઇએ કેવળ 'પ્રચાર પર્વ' નહીં- **ડો. કલામ**
- તમારા સમાન પણ કોઇ નથી તો પછી તમારાથી શ્રેષ્ઠ કોઇ કેવી રીતે થશે? આથી પરમાત્મા જ સર્વોપરી છે અને એની જ ઇચ્છા સર્વોપરી છે **- શ્રીમદ્ ભાગવત**
- પાગ તો બધા જ હોય છે થોડા ઘણાં અંશે... પણ પોતાના પાગલપનનું જે વિશ્લેષણ પણ કરી શકે તે ફીલસુફ કહેવાય છે **- સ્વામિ સચ્ચીદાનંદ**

(સંકલન : દીપક વી. આસરા)

બોધ કથા

દેશ-દેશ વચ્ચે જમીન-સંપત્તિ અને કોમી ઝઘડા માટે આજે પણ યુદ્ધ થાય છે એ લોભ-લાલચ છે. રાજયો-રાજયો વચ્ચે પણ વીજળી-પાણી માટે ઝઘડા થાય છે. માણસ જાતને પોતાને જે મળ્યું છે એમાં સંતોષ નથી. તેથી જ ચોરી-લૂંટ-ખૂન-ખરાબા-યુદ્ધો થાય છે.

એક સંતોષી-સાચા સંત જતા હતા. રસ્તામાં એક ચાંદીનો સિક્કો પડ્યો હતો. એમની નજર એના પર પડી, વિચાર્યું મારે એનું શું કામ છે? શા માટે ઉપાડું? પણ - એક ડગલું આગળ ગયા પછી વિચાર્યું લાવ લઇ લઉં - આગળ જતાં કોઇ 'ગરીબ' મળશે એને આપી દઇશ એને કામ આવશે..

હજુ થોડુંક આગળ ચાલ્યા - ત્યાં રાજાનો મોટો કાફલો-યુદ્ધ માટે સૈનિકોથી સજ્જ-ઘોડા-હાથી-તોપો વગેરે સાથે જતો હતો. સંત એક બાજુ ઊભા રહ્યા. બરાબર રાજાનો ઘોડો નજીક આવ્યો ત્યારે એની લગામ પકડીને જતા સૈનિકને પુછ્યું. મહારાજનું લશ્કર ક્યાં જાય છે? સૈનિક કહે પાડોશી રાજય પર ચઢાઇ કરવા. સંત કહે રાજાને કહે મારે એને કંઇક આપવું છે. રાજાએ સાધુને નજીક બોલાવ્યો. સંતે ચાંદીનો સિક્કો આપ્યો. રાજા કહે મને કેમ આપો છો? સંત કહે, મેં કોઇ ગરીબને આપવાનું નક્કી કર્યું હતું. મને હમણાં જ રસ્તા પરથી મળ્યો. રાજા કહે, હું ક્યાં ગરીબ છું. સંત કહે તો પાડોશી રાજાનું ધન લૂંટવા કેમ જાઓ છો?

રાજાએ સૈન્યને પાછા ફરવા આદેશ આપ્યો.

Email - sureshchandrabhatt18@gmail.com

ગુજરાત સરકાર દ્વારા એવોર્ડ મેળવેલ 'વ્યક્તિત્વ ઘડતર' પુસ્તકના લેખક કોણ?

સાહિત્ય જગત

(૧) ઝવેરચંદ મેઘાણીના કયા પુસ્તકમાં રવિશંકર મહારાજનું વ્યક્તિત્વ પ્રગટે છે?
(અ) માણસાઇના દીવા (બ) તુલસી ક્યારો
(ક) વેવિશાળ (ડ) સૌરાષ્ટ્રની ધરા

(૨) ગુજરાતમાં સૌથી પહેલું પુસ્તકાલય ક્યું શરૂ થયું હતું?
(અ) ગૂજરાત વિદ્યાપીઠ (બ) હિમાભાઇ ઇન્સ્ટીટયુટ
(ક) શારદાબેન ઇન્સ્ટીટયુટ (ડ) કસ્તુરભાઇ જ્ઞાનકોષ

(૩) અમદાવાદ પાસેનું જેતલપુર કયા સાહિત્યકારનું જન્મ સ્થળ છે?
(અ) રાજેન્દ્ર જોષીનું (બ) દયારામનું
(ક) પ્રેમાનંદનું (ડ) અખાનું

(૪) પ્રથમ ગુજરાતી સાપ્તાહિક 'શ્રી મુંબઇ સમાચાર' કોણે પ્રકાશિત કર્યું?
(અ) ફર્દૂનજી મર્ઝબાન (બ) ગાંધીજી
(ક) રોતનાજી મહેતા (ડ) દાદાભાઇ નવરોજી

(૫) 'જયુબિલી ઓફ ક્રિકેટ' નામનું પુસ્તક કોણે લખ્યું?
(અ) જશુ પટેલ (બ) કપિલદેવ
(ક) વીનુ માંકડ (ડ) રવિ શાસ્ત્રી

(૬) પ્રેમલક્ષણા ભક્તિનું ઊંચું શિખર કયા કવિએ સર કર્યું?
(અ) સંત કબીર (બ) ભોજા ભગત
(ક) નરસિંહ મહેતા (ડ) રૈદાસ

(૭) ઇતિહાસના સંદર્ભમાં લખાયેલ પુસ્તક 'રાજયરંગ' કયા સાહિત્યકારનું સર્જન છે?
(અ) દલપતરામ (બ) મનુભાઇ પંચોળી
(ક) શામળ ભટ્ટ (ડ) નર્મદ

(૮) ગુજરાતી સાહિત્યમાં આત્મકથા લખનાર સર્વપ્રથમ મહિલા કોણ હતા?
(અ) ધીરૂબેન પટેલ (બ) શારદા મુખરજી
(ક) શારદાબેન મહેતા (ડ) વિનોદીની નીલકંઠ

(૯) ગુજરાત સરકાર દ્વારા એવોર્ડ મેળવેલ 'વ્યક્તિત્વ ઘડતર' પુસ્તકના લેખક કોણ?
(અ) ફાધર વાલેસ (બ) રાવજી પટેલ
(ક) સ્વામી આનંદ (ડ) કલાપી

(૧૦) ઉમાશંકર જોષીએ 'શહીદનું સ્વપ્ન' કયા સ્થળે લખેલ?
(અ) વિદેશમાં (બ) હરિદ્વારમાં
(ક) વિસાપુર જેલમાં (ડ) સાબરમતી આશ્રમમાં

(૧૧) કવિ નર્મદને તેમના મિત્રો કયા હુલામણાં નામથી સંબોધતા?
(અ) પ્રેમજી (બ) શ્યામજી
(ક) રામજી (ડ) લાલાજી

(૧૨) 'મારું જીવન એજ મારી વાણી' પુસ્તક કોણે લખ્યું?
(અ) ગાંધીજીએ (બ) વિનોભા ભાવે
(ક) કાકા સાહેબ (ડ) નારાયણ દેસાઇ

(૧૩) પેરેલિસિસ અને આકાર આ બે નવલકથાઓનાં સર્જક કોણ છે?
(અ) ચંદ્રકાન્ત બક્ષી (બ) ચંદ્રકાન્ત મહેતા
(ક) ચંદ્રકાન્ત શેઠ (ડ) ચંદ્રકાન્ત પટેલ

(૧૪) કૃષ્ણલાલ શ્રીધરાણીને કયો ચંદ્રક એનાયત થયો હતો?
(અ) ગોવર્ધનરામ ત્રિપાઠી (બ) રણજિતરામ સુવર્ણચંદ્રક
(ક) પદ્મવિભૂષણ (ડ) પદ્મભૂષણ

(૧૫) કનૈયાલાલ મુનશીએ કુલ કેટલી નવલકથાઓ લખી છે?
(અ) અઢાર (બ) બાવીસ
(ક) અઠયાવીસ (ડ) ત્રીસ

ખજાનો
- ડૉ. અનિલ પટેલ
anilbhaipatel@gmail.com

વિવિધા

વિષય : આ સપ્તાહમાં આવતા વિશ્વના વૈજ્ઞાનિકોના જન્મદિવસ

- ૨૫ જુલા. ૧૯૨૦ રોસાલીન્ડ ફ્રેન્કલીન-ઇંગ્લીશ ભૌતિક-રસાયણ વૈજ્ઞાનિક, એક્સ-રે કેસ્ટ્રલોગ્રાફર ક્ષેત્રે સંશોધન કરનાર વૈજ્ઞાનિક
- ૨૫ જુલા. ૧૮૮૪ ડેવીડસન બ્લેક - કેનેડીયન તબીબ અને એન્થ્રોપોલોજીસ્ટ
- ૨૬ જુલા. ૧૯૧૬ જહોન આર. વ્હીનરી - અમેરિકન ઇલેકટ્રીકલ એન્જીનીયર, માઇક્રોવેવ થિયરી અને લેસર પર સંશોધન કરનાર વૈજ્ઞાનિક
- ૨૬ જુલા. ૧૮૮૭ રૂબેન લિયોન કહાન - અમેરિકન ઇમ્યુનોલોજીસ્ટ, બ્લડ રીએકશન પર સંશોધન કરનાર
- ૨૭ જુલા. ૧૯૨૭ એલેન કે. બ્રીડ - અમેરિકન એન્જીનીયર, ઇલેકટ્રોમીકેનિકલ કેસ સેન્સરના શોધક.
- ૨૭ જુલા. ૧૯૦૪ કેનેથ ટોમ્પકીન બેઇનબ્રીજ - અમેરીકન અણુ-ભૌતિક વિજ્ઞાની, ૧૯૪૫માં પ્રથમ અણુ બોમ્બ પરીક્ષણમાં મૃત્યુ.
- ૨૮ જુલા. ૧૯૫૪ ગેર્ડ ફેલ્ટીંગ - જર્મન ગણિતશાસ્ત્રી, ૧૯૮૬માં ફિલ્ડમેડલ વિજેતા.
- ૨૮ જુલા. ૧૯૨૫ બરૂચ એસ. બ્લમ્બર્ગ - અમેરિકન ફિજીશિયન - ૧૯૭૬માં નોબલ પારિતોષિક વિજેતા
- ૨૯ જુલા. ૧૯૧૭ હરી બુટ - ઇંગ્લીશ ભૌતિક વૈજ્ઞાનિક, રડારમાં માઇક્રોવેવ તરંગો પર સંશોધન કરનાર વૈજ્ઞાનિક.
- ૨૯ જુલા. ૧૯૧૪ બરોન માર્સેલ લિચ - ફ્રેન્ચ વૈજ્ઞાનિક.
- ૩૦ જુલા. ૧૮૮૯ વ્હાલ્ડીમીર કોસ્મા જવોરીકીન - રશિયન-અમેરિકન ભૌતિક વૈજ્ઞાનિક, ટેલિવિઝનના પિતામહ.
- ૩૦ જુલા. ૧૮૬૩ હેનરી ફોર્ડ - પ્રથમ ઇન્ટર્નલ કમ્બશન એન્જીનના શોધક.
- ૩૧ જુલા. ૧૯૨૩ સ્ટેફનીક કેવોલેક - અમેરિકન કેમીસ્ટ. ટેક્સટાઇલ ફાઇબર પર સંશોધન કરનાર 'કેવલર'ના શોધક.
- ૩૧ જુલા. ૧૯૧૯ પ્રાઇમો લેવી - ઇટાલીયન કેમીસ્ટ અને લેખક

ગયા સપ્તાહનો સવાલનો જવાબ

સવાલ - ગુજરાતના નવા ગર્વનર તરીકે કોની નિમણૂંક કરવામાં આવી?

જવાબ - ઓ.પી. કોહલી

સાચા ઉત્તર આપનાર પત્ર મિત્રો

(૧) ઋજિત એ. રાવલ : ૧૨૨૨/૨, સે-૭ડી
(૨) મૂળજીભાઇ પરમાર 'દધિ' : સે-૭
(૩) પંકજ આર. પ્રજાપતિ : ઉવારસદ
(૪) નટુભાઇ દરજી : પેથાપુર
(૫) રેખા.એમ. જાદવ : સે-૩૦

આ સપ્તાહનો સવાલ

તાજેતરમાં યુક્રેન ખાતે કયા દેશના વિમાનને મિસાઇલ દ્વારા ઉડાવી દેવામાં આવ્યું?

ગાંધીનગર સમાચાર - ખજાનો વિભાગ
બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮ ગાંધીનગર

સાચા જવાબો

૫ (૫૬) ૫ (૯૬) ૫૮ (૬૬) ૬ (૨૬)
૬ (૬૬) ૬ (૦૬) ૫૮ (૭) ૬ (૭) ૬ (૩) ૫૮ (૫) ૫૮ (૯) ૬ (૬) ૫ (૬) ૫૮ (૬)

રમતના વિકાસ માટે લાંબા ગાળાનું આયોજન જરૂરી

કોચને કાયમી નોકરી અને ખેલાડીને જોબ ગેરંટી રમતમાં લાંબા ગાળાનાં આયોજનને સફળ બનાવવા જરૂરી

ગુજરાતમાં રમતવીરો માટે નોકરીની તકોનો અભાવ

રમતગમત
- ભરતજી ઠાકોર

કોઈ પણ ક્ષેત્રમાં આગળ વધવા માટે અથવા તો નક્કી કરેલા ચોક્કસ ધ્યેય સિદ્ધ કરવા માટે લાંબા ગાળાનું આયોજન કરવું જરૂરીછે. રમતગમત ક્ષેત્રમાં પણ ઓલમ્પિક વર્લ્ડ કપ, કોમનવેલ્થ ગેમ્સ, એશિયન ગેમ્સ સહિતની કોઈ પણ આંતરરાષ્ટ્રીય સ્પર્ધાઓ કે પછી નેશનલ ગેમ્સ તથા અન્ય નેશનલ સ્પર્ધાઓમાં મેડલ મેળવવા માટેનાં ધ્યેયને હાંસલ કરવા માટે પણ લાંબા ગાળાનું આયોજન કરવું ખુબ જ જરૂરી છે. અને આ લાંબાગાળાના આયોજનમાં જેના પર આ ધ્યેયને સિદ્ધ કરવાનો આપણો મદાર રાખીએ છીએ તેવા ખેલાડી અને તેનો કોચ બને પાયાનું પરીબળ છે. રમતગમત ક્ષેત્રે મેડલ જીતી શકે તેવા રમતવીરો તૈયાર કરવાનું લાંબા ગાળાનું આયોજન કરવામાં આવી રહ્યું હોય ત્યારે કોચ અને રમતવીર લાંબા સમય સુધી આ વ્યવસ્થામાં જોડાયેલાં રહે તે પણ એટલું જ જરૂરી અને મહત્ત્વનું છે. પરંતુ ગુજરાતમાં ચિંતાનો વિષય એ છે કે, રમતવીરો અમુક સમય સુધી જ રમત સાથે જોડાયેલાં રહે છે. શાળા કે કૉલેજનાં અભ્યાસ દરમિયાન રમતમાં આગળ વધવા સખત પ્રેક્ટીસ કરતા રમતવીરો અભ્યાસ પૂર્ણ થતા ખેલાડી તરીકેની કારકિર્દી પર પણ પૂર્ણ વિરામ મૂકી થતાં ખેલાડી તરીકેની કારકિર્દી પર પણ પૂર્ણ વિરામ મૂકી દેતાં હોય છે. ગુજરાતમાં રમતવીરોની ખેલાડી તરીકેની કારકિર્દી શાળા કે કૉલેજના અભ્યાસ પૂરતી મર્યાદિત જોવા મળે છે. તેનું મુખ્ય કારણમાં રાજયમાં રમતવીરો માટે નોકરીની કોઈ ચોક્કસ જોગવાઈ ન હોવાના કારણે રમતવીરોની ખેલાડી તરીકેની કારકિર્દી લાંબા સમય સુધી ચાલતી નથી. ખેલાડીએ પોતાના પરિવારનું ગુજરાત ચલાવવા માટે નોકરી મેળવવા કોઈ ફિલ્ડતો પસંદ કરવું જ પડે છે અને જેના કારણે ખેલાડીની રમત છૂટી જાય છે અને તે નોકરી ધંધામાં પરોવાઈ જાય છે.

ભારત સરકારના રેલવે, પોસ્ટ, જેવા કેટલાંક વિભાગો અને સેનાની ત્રણેય પાંખોમાં રમતવીરો માટે નોકરીની જોગવાઈ રહેલી છે. પરંતુ રમતગમત ક્ષેત્રે આગળ પડતું નામ ધરાવતાં પંજાબ, હરિયાણા, જેવા રાજયોમાં જે રીતે રમતવીરો માટે રાજયનાં પોલીસ સહિતના વિવિધ વિભાગોમાં નોકરીની તકો ઉભી કરવામાં આવે છે તે રીતે રમતવીરો માટે નોકરીની તકો ગુજરાત સરકાર ઉભી કરી શકતી નથી. પોતાના શાળાકીય કે કૉલેજ જીવન દરમિયાન મહેનત કરી ગુજરાતને મેડર અપાવનાર એવા ઘણાં ખેલાડીઓ છે કે જેઓ રમતમાં વધારે ધ્યાન આપવાને કારણે અભ્યાસમાં પાછળ રહી ગયા હોય. આવા અભ્યાસમાં પાછળ રહી ગયેલા નેશનલ મેડલ વિજેતા રમતવીરો રીક્ષા ચલાવી, ચાની લારી ચલાવી કે આવા કોઈ નાના મોટા કામ કરી પોતાનું અને પરિવારનું ગુજરાન ચલાવે છે. આવા ગુજરાતને મેડલ અપાવનાર ખેલાડીઓની ભાળ પણ હવે કોઈ લેતું નથી. આ કારણે જ વાલી પોતાના બાળકને રમતગમત ક્ષેત્રે આગળ વધવા તો પ્રોત્સાહિત કરતા હોય છે પરંતુ કારકિર્દી બનાવવા માટે કોઈ અન્ય ક્ષેત્ર પસંદ કરવા પ્રેરીત કરતા હોય છે. જેને કારણે ખેલાડી રમત સાથે લાંબા સમય સુધી ટકી શકતો નથી. જો રમતગમત ક્ષેત્રે સફળતા મેળવવા માટે રાજય સરકાર ખેલાડીને ધ્યાને લઈ લાંબા ગાળાનું આયોજન કરે અને ખેલાડીને જોબ ગેરંટી આપે તો જ લાંબા ગાળાનું આયોજન સફળ થાય.

આ બાબતે ઇન્ડિયન આર્મી દ્વારા સરાહનીય કામગીરી કરવામાં આવી છે. તેઓ દ્વારા ૨૦૨૦ના ઓલમ્પિક રમતોમાં મેડલ મેળવવાના ધ્યેય સાથે લાંબા ગાળાનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં નાની ઉંમરના રમતવીરોની પસંદગી કરી હોસ્ટેલમાં પ્રવેશ આપવામાં આવ્યો છે. તેમજ આ ખેલાડીઓ જયારે ૧૮ વર્ષ પૂરા કરશે ત્યારે આર્મીમાં જોબની પણ તેઓને ગેરંટી આપવામાં આવી છે સાથે સાથે રમતવીરોને આધુનિક આંતરરાષ્ટ્રીય મેદાન, નિષ્ણાંત કોચ, વિદેશી કોચ સહિત ખેલાડીના વિકાસનું એનાલિલીસ કરવા માટે કોમ્પ્યુટરાઇઝ્ડ સિસ્ટમ વિકસાવવામાં આવી છે. તો ખેલાડીના મેડિકલ જરૂરિયાતો માટે કેમ્પસમાં જ હોસ્પિટલ ઉભી કરવામાં આવી છે. તો રમતવીરોના માનસિક વિકાસ માટે સ્પોર્ટસ સાયકોલોજીસ્ટની સેવા પણ લેવામાં આવે છે. પૂના સ્થિત આર્મી સ્પોર્ટ્સ ઇન્સ્ટીટયુટમાં આ રીતે ૨૦૨૦ના ઓલમ્પિકમાં મેડલ મેળવવાના લાંબા ગાળાનાં આયોજનના ભાગરૂપે આર્મી દ્વારા મિશન ઓલમ્પિક શરૂ કરવામાં આવેલ છે. જેની અંતર્ગત ખેલાડીઓને તાલીમની સાથે સાથે રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાની વિવિધ સ્પર્ધાઓમાં ભાગ લેવા પ્રેરીત કરી રમતનો બહોળો અનુભવ પણ કેળવવામાં આવે છે.

આપની સમક્ષ અહીં બે રમતવીરોની કારકિર્દીની કેટલીક બાબતો રજૂ કરું છું. જે લાંબા ગાળાના આયોજનની જરૂરિયાતને વધુ સ્પષ્ટ કરે છે. નવદીપ એક એવો ખેલાડી કે જેણે પોતાના શાળાકીય અને કૉલેજ સમય દરમિયાન રમતગમત ક્ષેત્રે પોતાની રમતમાં સારૂં પ્રદર્શન કર્યું. એક તબક્કો એવો આવ્યો જયારે તેની પસંદગી સ્પોર્ટસ હોસ્ટેલ માટે થઇ હતી પરંતુ તેના પિતાને હોસ્ટેલમાં જવા સંમતી ન આપી. આ ખેલાડીએ શાળા કૉલેજના અભ્યાસ દરમિયાન વિવિધ સ્પર્ધાઓમાં ભાગ લીધો અને કૉલેજના અભ્યાસ બાદ ઉચ્ચ અભ્યાસ કરી આજે એક મલ્ટીનેશનલ કંપનીમાં ઉચ્ચ હોદ્દા પર છે અને આજે સારો પગાર મેળવી પોતાનું જીવન સારી રીતે પસાર કરે છે. આ સમયગાળામાં જગદીશ નામનો એક ખેલાડી સ્પોર્ટસ હોસ્ટેલમાં જોડાયો અને પોતાની રમતમાં આગળ વધવા માટે સખત મહેનત કરવા લાગ્યો. તે ધોરણ-૧૦માં, નાપાસ થયો તો પરીક્ષા આપી પાસ થવાનો પ્રયત્ન કરતો રહ્યો અને સાથે જ સ્પોર્ટ્સ હોસ્ટેલમાં રહી પોતાની રમતમાં સઘન અભ્યાસ પણ ચાલું રાખ્યો. એક સમય એવો આવ્યો કે જયારે તેની વય સ્પોર્ટ્સ હોસ્ટેલ માટે નિયમ વય કરતાં વધી ગઈ ત્યારે આ ખેલાડીને પોતાની રમતમાં સારૂં પ્રદર્શન કરતો હોવા છતાં સ્પોર્ટ્સ હોસ્ટેલના નિયમ મુજબ હોસ્ટેલમાંથી બહાર કરવામાં આવ્યો.

રમતમાં આગળ વધવા માટે મહેનત કરનાર આ સારા ખેલાડી પાસે હવે નોકરીની કોઈ તક ન હતી. કારણ કે તે રમતમાં વધારે મહેનત કરવા જતાં અભ્યાસમાં પાછળ રહી ગયો હતો. હાલમાં આ ખેલાડી ગાંધીનગરમાં સીડી-ડિવીડીનું વેચાણ કરી પોતાનું અને પરિવારનું ગુજરાન ચલાવે છે. આ ખેલાડીમાં આજે પણ ક્ષમતા છે અને રમતગમત ક્ષેત્રે સારો દેખાવ કરી શકે તેમ છે પરંતુ હવે તેના માટે પોતાના પરિવારનું ગુજરાત ચલાવવા માટે કામ કરવાની જરૂર છે અને આ કારણે જ તેણે રમતને છોડવી પડી છે.

(અનુસંધાન પાના નં. ૬ પર)

ખરેખર ! 'પત્ની' થવું સહેલું નથી

મોરપીંછના રંગ
- ડૉ. કનૈયાલાલ ભટ્ટ

આખા સંસારમાં ઈશ્વરનું સૌથી શ્રેષ્ઠ અને રહસ્યમય સર્જન હોય તો તે 'સ્ત્રી'નું છે. આજનો માનવી જળ, સ્થળ અને વમળના તળ સુધી પહોંચી શક્યો છે. ચંદ્ર, મંગળ તથા અન્ય ગ્રહોના રહસ્યો ઉકેલી શક્યો છે, અરે છેક બ્રહ્માંડની પેલે પાર જઈને તેના રહસ્યો ઉકેલી શક્યો છે પરંતુ સ્ત્રીના સમસ્ત મનને હજી સુધી કોઈ ઉકેલી શક્યું નથી. દુનિયાને પોતાના વિચારોથી પ્રભાવિત કરનાર સોક્રેટિસ જેવા મહાન ફિલોસોફર પણ સ્ત્રીના અકળ મનને કળી શક્યો નથી.

સ્ત્રીના અનેક રૂપ છે. મુખ્ય મા, દીકરી, બહેન, પત્ની અને પ્રેયસી છે. આ બધામાં સૌથી રહસ્યમય સ્વરૂપ 'પત્ની'નું છે... મા, દીકરી, બહેન કે પ્રેયસી... સહેલાઈથી બની શકાય છે પણ ખરેખર પત્ની બનવું અઘરુ છે. પત્નીની ભૂમિકા ભજવવી ખૂબ જ અઘરી છે. થોડું ઊંડાણથી જોઈએ તો... સૌ પ્રથમ 'પત્ની' એટલે શું? એ સમજવું જરૂરી છે. શાસ્ત્રોક્ત વિધિ મુજબ અગ્નિની સાક્ષીએ મંત્રોચ્ચાર કરીને કોઈ મનગમતા, અણગમતા કે અજાણ્યા પુરુષ સાથે સાત ફેરા ફરી સર્વસ્વ અર્પણ કરી દેવાથી સામાજિક અને ધાર્મિક માન્યતા મુજબ 'પત્ની'નો દરજ્જો મળી જાય છે. પણ શું આટલેથી પત્નીની ભૂમિકા પૂરી થઈ જાય છે? નહીં, ખરેખર તો અહીંથી જ પત્નીની ભૂમિકા શરૂ થાય છે જે ખૂબ જ અઘરી છે. અત્યાર સુધી આપણે કોઈની દીકરી, બહેન કે નણંદની ભૂમિકા ભજવી છે હવે પત્નીને ભાભીની ભૂમિકા ભજવવાની છે અને એ પણ સાવ અજાણ્યા ઘર-સભ્યો અને સંબંધોની વચ્ચે.



ભારતીય સ્ત્રીઓએ એક વાત ખાસ સમજી લેવી જોઈએ કે હિન્દુ સંસ્કૃતિમાં (આમ જોઈએ તો જગતની તમામ સંસ્કૃતિમાં) પુરુષનું આધિપત્ય છે અને રહેવાનું છે. સ્ત્રી પુરુષની સમોવડી બની શકે છે પણ પુરુષ બની શકતી નથી કેમ કે તે ભેદરેખા ખૂદ ઈશ્વરે બનાવી છે. તેથી પ્રત્યેક પત્નીઓએ આ સત્ય સ્વીકારવું જોઈએ. પુરુષની સામાજિક ફરજ એ છે કે તે જગતના બાહ્ય વ્યવહારો સંભાળે. નોકરી, ધંધો કરે અને પોતાની તથા કુટુંબની સામાજિક પ્રતિષ્ઠા ઊભી કરે, વધારે. જ્યારે પત્નીની સામાજિક અને પ્રાથમિક ફરજ એ છે કે તે પોતાના પતિને અનુરૂપ થઈને, તેના વિચારોને સમજીને, અપનાવીને એની પ્રવૃત્તિને આગળ વધારે. અહીં પતિને અનુરૂપ થવાની વાત સ્થૂળ અર્થમાં નથી. એમાં ત્યાગ, બલિદાન અને સહનશક્તિ જેવા ઉદાત્ત ગુણોનું હોવું પણ જરૂરી છે. પતિના વિચારો સાથે આપણે વિચારો મેળવી એક એવો વૈચારિક આદર્શ ઉભો કરવો જોઈએ. પતિનો જન્મ, ઉછેર, કૌટુંબિક વાતાવરણ... આ બધી બાબતો જાણી-સમજી-અપનાવી પતિ સાથે વ્યવહાર કરવો જોઈએ. પતિની બે-ચાર વાતો જો નહીં માનો તો ચાલશે પણ જો પતિના વિચારોની, પ્રવૃત્તિની, આદર્શોની, સિદ્ધાંતોની, પ્રતિષ્ઠાની કે પરંપરાની અવગણના કરી તો દામ્પત્ય જીવનમાં અડચણો આવી શકે છે. પતિને શું ભાવે છે? શું ખાય છે? કેટલું ખાય છે? કેવી રીતે ખાય છે? ક્યાં ખાય છે? એ બધું નહીં જાણો તો ચાલશે પણ પતિ કેમ જીવે છે? કેવી રીતે જીવવા ઈચ્છે છે? એટલું જાણશો તો પણ ઘણું છે. અને એથી જ ભારતીય પુરુષ લગ્ન પછી પત્નીમાં પ્રેમથી વિશેષ સમજદારી ઈચ્છે છે. પતિ ગમે તેવો આધુનિક, મોર્ડન કે એન.આર.આઈ. હશે પણ પોતાની પત્નીમાં તો તે એક આદર્શ પત્નીના જ ગુણો ઈચ્છે છે. પ્રત્યેક પતિ ઈચ્છે છે કે પોતાની પત્ની સૌ પ્રથમ પોતાના વિચારને, પોતાના પરિવારને અપનાવે, આવકારે બધા સાથે લાગણીભર્યો વ્યવહાર કરે, સંયુક્ત કુટુંબ હોય તો બધા સાથે સાહજિક અને સરલ વ્યવહાર કરે, હંમેશાં ચહેરા ઉપર હાસ્ય રાખે... પરંતુ પતિની આવી સામાન્ય ઈચ્છાઓને અવગણીને પત્નીઓ સૌ પ્રથમ લગ્ન પછી પતિને પરિવારથી જૂદા રહેવા માટે મજબૂર કરે છે. પતિને પોતાના વિચારો મુજબ જીવવા મજબૂર કરે, પતિના કુટુંબીઓ સાથે અણછાજતો વ્યવહાર કરે, પતિની વાત કે વિચારોને સ્વીકારે નહીં, અતિ તનાવમાં રહી પતિ સાથે વાત વાતમાં ચર્ચાઓ, દલીલો કરે... તો પરિણામ શું આવે? આપણે સૌ જાણીએ છીએ આજે સમાજમાં વિચ્છેદ-છૂટાછેડાની અસંખ્ય ઘટનાઓ બને છે. એના મૂળમાં આવા જ કારણો હોવાના ઘણી પત્નીઓ એવી દલીલ કરતી હોય છે કે પુરુષોને બધું કરવાની છૂટ અને અણને નહીં? પુરુષ બહાર ગમે ત્યારે ગમે તેની સાથે મિત્રતા કરી શકે અને અમે એવું કરીએ તો ગુનેગાર..! વાત સાચી છે પણ 'સ્ત્રી ક્યારેય પુરુષ બની શકતી નથી.' એ સત્ય હંમેશાં યાદ રાખવામાં આવે તો મોટાભાગના સંઘર્ષો ટળી જાય છે. સ્ત્રીની કે પત્નીની ભૂમિકા પતિની બરોબરી કરવાની નથી, પતિની સાથે કે એક ડગલું પાછળ રહેવાની છે. પત્નીની ભૂમિકામાં નિષ્ફળ જવાનું એક મુખ્ય કારણ છે પત્નીનું પિયર... લગ્ન પછી સ્ત્રીની મુખ્ય ભૂમિકા 'પત્ની'ની બની જાય છે, છતાંય ઘણી પત્નીઓ લગ્ન પછી પણ મુખ્ય ભૂમિકા દીકરીની, બહેનની ભજવતી હોય છે. મતલબ કે પિયર સાથેના વ્યવહારમાં કોઈ ફરક પાડતી નથી. ઉલ્ટાનું વધારી દે છે. જો પિયર એટલું જ વહાલું હોય તો પરણીને સાસરે જવાની શી જરૂર હતી ! આ બે પરિવારની વચ્ચે પોતાની ભૂમિકા, જવાબદારી સમજીને બેલેન્સ કરવું જોઈએ. પત્નીનો જે સંબંધ પતિ સાથે છે તે સંબંધ ભાઈ-બહેન-માતા-પિતા કે કોઈની સાથે નથી છતાંય પતિ પહેલા પિયર આવે ત્યારે સંઘર્ષ અને વિચ્છેદ થવાનો જ.

આજે યુગ બદલાઈ રહ્યો છે, સ્ત્રી-પુરુષોના સંબંધોની વ્યાખ્યાઓ બદલાઈ રહી છે, ભૂમિકાઓ બદલાઈ રહી છે ત્યારે 'શંકા'નું તત્ત્વ પ્રબળ રીતે બહાર આવશે જ. સૌ પ્રથમ આ શંકાનો વાયરસ પત્નીમાં પ્રવેશે છે. શંકા કરતા પહેલા સો વખત વિચારવું જોઈએ, કેમ કે શંકાની હજી સુધી કોઈ દવા નથી... અને ધારો કે પતિ ખરેખર નિષ્